પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૯૨ | ૩ જાન્યુઆરી, ૨૦૨૦, શુક્રવાર; પોષ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કાશ્મીર-હિમાચલમાં ભારે હિમવર્ષા

**ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડી અને ધુમ્મસની ચાદર : એલર્ટ જારી : હિમાચલ અને જમ્મુ-કાશ્મીરના મોટાભાગના વિસ્તારોમાં બરફની ચાદરની વચ્ચે તાપમાનમાં નોંધાયેલો તીવ્ર ઘટાડો**



નવી દિલ્હી, તા. ૨
ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી અને ધુમ્મસના કારણે લોકો પરેશાન થયેલા છે ત્યારે જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં ભારેથી અતિ ભારે હિમવર્ષાના પરિણામ સ્વરૂપે એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. બંને રાજ્યોમાં ભારે હિમવર્ષાના પરિણામ સ્વરૂપે રાજમાર્ગો ઉપર વધુ સંખ્યામાં વાહનો અટવાઈ પડ્યા છે. ભારેથી અતિભારે હિમવર્ષા આવતીકાલે ગુરૂવાર, શુક્રવારે પણ બંને રાજ્યોમાં જારી રહે તેવી શક્યતા છે. ઉત્તરાખંડમાં પણ ઊંચાણવાળા વિસ્તારોમાં ભારે હિમવર્ષા થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. એક દિવસના બ્રેક બાદ ફરીવાર હિમવર્ષની શરૂઆત થઈ ચુકી છે. પ્રજાસત્તાક દિવસની રજાને લઈને ઉજવણી કરવા માટે પહોંચેલા લોકો હાઈવે ઉપર અટવાઈ પડ્યા છે. ઉત્તરાખંડના હિલ સ્ટેશન તરફ જઈ રહેલા

● અનુસંધાન પાન-૭ પર

### ઠંડીએ સિમલામાં ૨૨ વર્ષનો રેકોર્ડ તોડ્યો

હીલ સ્ટેશન સીમલામાં જોરદાર ઠંડી પડી રહી છે. ડિસેમ્બરમાં અહીં લઘુત્તામ તાપમાન ૩.૮ ડિગ્રી નોંધાયું હતું. પાંચ વર્ષ બાદ અહીં સારી હીમવર્ષા થઈ છે. ઠંડીએ અહીં ૨૨ વર્ષનો રેકોર્ડ તોડયો છે.

## હવે માત્ર ૧૩૦ રૂપિયામાં ટીવી પર ૨૦૦ ચેનલ જોવા મળશે

**ટ્રાઇ દ્વારા નવા વર્ષની ભેટ : ૧૫મીથી અમલી થશે**

નવીદિલ્હી, તા. ૨
ગત ચોવીસ કલાકમાં રેલ અને હવાઈ મુસાફરી મોંઘી થવાના સમાચાર, પેટ્રોલ,ડીઝલ, એલપીજીના ભાવમાં વધારાની જાહેરાત બાદ એક સારા સમાચાર આવ્યા છે. હવે તમારે કેબલ ટીવી અને ડીટીએચના માસિક ભાડામાં ઘટાડો થવાનો છે. ટેલીકોમ રેગ્યૂલેટર ટ્રાઈએ ફક્ત કેબલ ઓપરેટર અને ડીટીએચ પ્રોવાઈડરોને નવા પ્લાન લાગૂ કરવા માટે કહ્યું છે. ગ્રાહકોની દ્રષ્ટિએ તેને ફાયદાકારક માનવામાં આવે છે. ટ્રાઈના નવા ટેરિફ અનુસાર હવે કેબલ અને ડીટીએચ ઓપરેટરોને ૧૩૦ રૂપિયામાં ૨૦૦ ચેનલ મફત આપવી પડશે. અત્યાર સુધી ૧૩૦ રૂપિયા ફક્ત ૧૦૦ ચેનલ જ ફ્રી મળતી હતી. સાથે જ ૧૬૦ રૂપિયામાં ઓપરેટર તમને ૫૦૦ ફ્રી ટૂ એર ચેનલ પુરી પાડશે. ઓથોરિટીએ એ પણ સ્પષ્ટ કર્યું છે કે ઘરમાં બીજા ટીવી કનેક્શન માટે ફી ઓછી લેવી પડશે. બીજા ટીવી માટે ૫૨ રૂપિયાની ફી વસૂલવામાં આવશે. જાણકારી અનુસાર બ્રોડકાસ્ટર ૧૫ જાન્યુઆરી સુધી પોતાની ચેનલના ભાવમાં ફેરફાર કરી દેશે. ૩૦ જાન્યુઆરી સુધી ફરીથી તમામ ચેનલ રેટ પલ્બિશ થશે. બ્રોડકાસ્ટરને ૧ માર્ચથી નવા દર લાગૂ કરવા પડશે. ટ્રાઈએ ચેનલ માટે કેરિજ ફી ૪ લાખ રૂપિયા નક્કી કરી છે. ઓથોરિટીએ સ્પષ્ટ કર્યું છે કે બ્રોડકાસ્ટેર ૧૯ રૂપિયાવાળા ચેનલ બુકેમાં નહી આપી શકે.



ઉલ્લેખનીય છે કે ગત કેટલાક મહિનાથી ટ્રાઈને કેબલ અને ડીટીએચની કિંમતોને લઈને ફરિયાદો મળી રહી હતી. તેના પર ગંભીરતા જોતાં ગત ઓગસ્ટ મહિનામાં ટ્રાઈએ બ્રોડકાસ્ટીંગ અને કેબલ સેવાઓના કાર્ડ પર ટેરિફ ઓર્ડરની સમીક્ષાનો નિર્ણય કર્યો હતો. લોકોની સલાહ લેવા માટે કંસલટેન્ટ પેપર (પરામર્શ પત્ર) જાહેર કરવામાં આવ્યો. વિભિન્ન ઘટકો અને સામાન્ય ગ્રાહકો પાસેથી મળી રહેલી સલાહોના આધારે નવો નિર્ણય લેવામાં આવ્યો છે.

## ૬ કરોડ ખેડૂતોને આજે અપાશે નવા વર્ષની ભેટ

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એક કાર્યક્રમમાં ખેડૂતોના ખાતામાં ૨૦૦૦ રૂપિયા જમા કરાવશે : બંગાળના ખેડૂતો આ યોજનાના લાભથી વંચિત રહી જશે, પીએમ-કિસાન સન્માન નિધિ યોજના સાથે જોડાયા નથી**

તુમકુર, તા.૨
વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુરુવારે દેશના છ કરોડ ખેડૂતોને પીએમ-કિસાન સન્માન નિધિ અંતર્ગત ડિસેમ્બર મહિનાના ભથ્થાના રૂપમાં ૧૨૦૦૦ કરોડ રૂપિયા આપીને તેમને નવા વર્ષની ભેટ આપશે. પરંતુ પશ્ચિમ બંગાળના ખેડૂતો આ યોજનાના લાભથી વંચિત રહી જશે. કારણ કે, ત્યાંના ખેડૂતો હજી સુધી પીએમ-કિસાન સન્માન નિધિ યોજના સાથે જોડાઈ શક્યા નથી. કેન્દ્રીય કૃષિ તેમજ કિસાન કલ્યાણ મંત્રાલયના એક સૂત્રએ જણાવ્યું કે, વડાપ્રધાન ગુરુવારે તુમકુરમાં આયોજિત એક કાર્યક્રમમાં આ રકમને ખેડૂતોના ખાતામાં મોકલશે. ઉલ્લેખનીય છે કે, પીએમ ખેડૂત સન્માન નિધિના લાભાર્થી ખેડૂતોને ડિસેમ્બરમાં મળનારા ૨૦૦૦ રૂપિયાનુ ભથ્થુ મળ્યું નથી. મંદીમાં પણ સુરત અને રાજકોટ સરકાર માટે દુઝણી ગાય સાબિત થયા, ઈકોનોમિકલ ગ્રોથમાં ટો-૧૦ લિસ્ટમાં પહોંચ્યા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પસંદગીવાળી યોજના પીએમ-કિસાન સન્માન નિધિનો લાભ દેશભરના ખેડૂતો ઉઠાવી રહ્યા છે, પરંતુ પશ્ચિમ બંગાળના ૭૦ લાખ ખેડૂતો હજી સુધી આ લાભથી વંચિત છે. પશ્ચિમ બંગાળી મુખ્યમંત્રી મમતા બેનરજીએ આ યોજનાનો વિરોધ કરીને તેને હજી લાગુ કરી નથી. મમતા બેનરજી આ યોજનાના આલોચક બની હતી. તેથી તેઓ યોજનાનો પોતાના રાજ્યમાં લાગુ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### જમ્મુ કાશ્મીરમાં સડક દુર્ઘટના : નવના મોત

જમ્મુ કાશ્મીરના નૌશેરામાં એક દર્દનાક દુર્ઘટના ઘટી હતી. એક બસ ખીણમાં ખાબકતા નવ લોકોના મૃત્યુ નિપજયા છે. તો ૩૯ લોકોને ઈજા થઈ છે.

### તાઈવાનના નાયબ રક્ષા પ્રધાનનું હેલિકોપ્ટર ક્રેશ

તાઈવાનના નાયબ રક્ષા પ્રધાન અને ચીફ ઓફ જનરલ સ્ટાફ શેન પી-મિંગનું મૃત્યુ થયું છે. તેમની સાથે હેલીકોપ્ટરમાં અન્ય ૧૩ લોકો સવાર હતા જે પૈકી ૮ના મૃત્યુ થયા છે અને ૫ લોકોને ગંભીર ઈજાઓ થઈ છે.

### રામ મંદિર નિર્માણ માટે વિશેષ ડેસ્કનું નિર્માણ

અયોધ્યામાં રામ મંદિર નિર્માણની દિશામાં સરકારે આગળનું પગલું લીધું છે. કેન્દ્ર સરકારે અયોધ્યાથી જોડાયેલા સુપ્રિમ કોર્ટના નિર્ણયને ક્રિયાન્વિત કરવા એક ડેસ્કનું નિર્માણ કર્યું છે. ત્રણ અધિકારીઓની ટીમ સમગ્ર મામલો જોશે.

## કોંગ્રેસ પાક નહીં પરંતુ સંસદ વિરુદ્ધ બોલી રહી છે : મોદી

**સીએએ પર આંદોલનને લઇને મોદીના વિપક્ષ પર તીવ્ર પ્રહારો : જનસભાને પણ સંબોધિત કરી: આંતરરાષ્ટ્રીય સ્તર પર પાકની હરકતને બેનકામ કરવાની જરૂર :મોદી**

તુમકુર, તા.૨
વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી બે દિવસીય કર્ણાટકના પ્રવાસે છે. અહીં પીએમને ઘણા મોટા કાર્યક્રમોમાં ભાગ લેવાનો છે. વડાપ્રધાનમંત્રીએ આજે તુમકુરમાં શ્રી સિદ્ધગંગા મઠના દર્શન કર્યા, અહીં તેમણે એક જનસભાને પણ સંબોધિત કરી. આ ઉપરાંત વડાપ્રધાન કિસાન સન્માન યોજનાનો ત્રીજો હપ્તો પણ ખેડૂતોને આપવામાં આવશે. ત્રણ જાન્યુઆરીએ પીએમ મોદી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ ઉપસ્થિત રહેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરૂવારે શ્રી સિદ્ધગંગા મઠ મ્યૂઝિયમનો પાયો નાખ્યો. પાયો મુક્યા બાદ વડાપ્રધાન નરેંદ્ર મોદીએ અહીં જનસભાને સંબોધિત પણ કરી. પીએમ મોદીએ કહ્યું કે આજે ઘણા વર્ષો બાદ અહીં



આવવાની તક મળી છે. વડાપ્રધાને કહ્યું કે થોડા અઠવાડિયા પહેલાં સંસદમાં સીએએ પાસ થયું, કોંગ્રેસ અને તેમના સાથી સંસદ વિરૂદ્ધ ઉભા થયા છે. જેમ કે તે અમારીથી નફરત કરે છે, એવો જ અવાજ દેશની સંસદ વિરૂદ્ધ જોવા મળી રહ્યો છે. આ લોકો ભારતની સંસદ વિરૂદ્ધ આંદોલન કરી રહ્યા છે, આ લોકો પાકિસ્તાનથી આવેલા દલિત, પીડિત વિરૂદ્ધ આંદોલન કરી રહ્યા છે. પાકિસ્તાનનો જન્મ ધર્મના આધારે થયો હતો, દેશ ધર્મના આધારે વેચાયેલો હતો. ભાગલા વખતે જ પાકિસ્તાનમાં બીજા ધર્મના લોકો સાથે અત્યાચાર શરૂ થઈ ગયો હતો, સમય સાથે પાકિસ્તાનમાં હિંદુ-જૈન-સિખ-બૌદ્ધ ધર્મના આધારે અત્યાચાર વધી ગયો છે. હજારો લોકોને ત્યાંથી પોતાનું ઘર છોડીને ભારત આવવું પડ્યું છે. પાકિસ્તાને હિંદુઓ પર અત્યાચાર કર્યો, પરંતુ કોંગ્રેસ પાકિસ્તાન વિરૂદ્ધ બોલી રહી નથી. પીએમ મોદીએ કર્ણાટકની રેલીમાં નાગરિકતા સંશોધન એક્ટ (સીએએ) ના વિરોધીઓને આકરો જવાબ આપ્યો છે. પીએમ મોદીએ કહ્યું કે જ્યારે પાકિસ્તાનમાં અલ્પસંખ્યકો પર અત્યાચાર થઈ રહ્યો હતો ત્યારે લોકો ચૂપ કેમ હતા.

## પ્રજાસત્તાક પેરડમાં બંગાળનો ટેબ્લો સામેલ નહીં હોય

કેન્દ્ર સરકારે ૨૬ જાન્યુઆરીએ થનાર ગણતંત્ર દિવસની પરેડમાં પશ્ચિમ બંગાળના ટેબ્લો(નાટકનું પરિમાણકારક દૃશ્ય)નો સમાવેશ કર્યો નથી. રક્ષા મંત્રાલયે બુધવારે જણાવ્યું કે બંગાળ સરકારના ટેબ્લોનો પ્રસ્તાવ એક્સપર્ટ્સની સમિતિની પાસે બે વખત ગયો. બીજી બેઠકમાં વિસ્તૃત ચર્ચા બાદ તેને ઠુકારાવવામાં આવ્યો છે. અગાઉ ૨૦૧૮માં પણ બંગાળના ટેબ્લોને પરેડમાં સામેલ કરવામાં આવ્યું ન હતું.

## ઈલેક્ટ્રિક વાહનો માટે ઘણી ટેક્સ રાહતો જાહેર થઈ શકે

**ઇલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવાનો હેતુ : ઇલેક્ટ્રિક વાહનો ઉપર જીએસટીને વધુ ઘટાડી દેવા પ્રયાસ**

નવી દિલ્હી,તા. ૨
નાણામંત્રી નિર્મલા સીતારામન દેશમાં ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવાના હેતુસર શ્રેણીબદ્ધ નવી જાહેરાત કરી શકે છે. પહેલી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરવામાં આવનાર બજેટમાં ખરીદદારો માટે ટેક્સ રાહતોને વધારીને આગળ વધવા મોદી સરકાર ઈચ્છુક છે. સાથે સાથે સરકાર ઈલેક્ટ્રિકવાહનો ઉપર જીએસટીને ઘટાડવાની પણ ઈચ્છા ધરાવે છે. નજીકના સુત્રોએ કહ્યું છે કે, જાહેર ઉપયોગ માટે ૧૦૦ ટકા વિજળીના વાહનો લાવવાની ઈચ્છા સરકારની રહેલી છે. આ દિશામાં પહેલ કરીને ઈલેક્ટ્રીક વાહનો માટે ટેક્સ રાહતો બજેટમાં જાહેર થઈ શકે છે. ૨૦૩૦ સુધી અંગત વપરાશ માટે ૪૦ ટકા ઈલેક્ટ્રીક વાહનો આવી જાય તે માટે પણ ટાર્ગેટ સરકાર ધરાવે છે.

ફેબ્રુઆરીમાં રજૂ કરવામાં આવનાર નવી સરકારના બીજા બજેટમાં ઈલેક્ટ્રીક ઉપયોગ માટે શ્રેણીબદ્ધ ટેક્સ રાહતો જાહેર થશે. આને લઈને વાતચીતનો દોર ચાલી રહ્યો છે. ઈલેક્ટ્રીક વાહનો ઉપર જીએસટીને વધુ ઘટાડી શકાય છે. ઈલેક્ટ્રીક વાહનોની ખરીદી કરનાર લોકોને ઈન્કમટેક્સમાં પણ રાહત આપવામાં આવશે.

સરકાર પાસે અન્ય કેટલાક વિકલ્પો પણ રહેલા છે. આ બજેટ મારફતે ખરીદદારોને ટેક્સ રાહતો આપવામાં આવી રહી છે ત્યારે જીએસટી કાઉન્સિલની મંજુરીની જીએસટી રેટનો ઘટાડવા માટે રહેશે નહીં. આ જાહેરાતોના લીધે જીએસટીનો વિરોધ કરી રહેલા લોકોને રાહત મળી શકે છે. હજુ સુધી દેશમાં ઈલેક્ટ્રીક વાહનોનું વેચાણ એક ટકા પણ થયું નથી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

सा विद्या या विमुक्तये ॥
॥ નિમંત્રણ ॥
શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ,ગાંધીનગર
શ્રી પી. કે. ચૌધરી મહિલા વિનયન કોલેજ
રજત જયંતી મહોત્સવ : ૨૦૧૯-૨૦
સ્નેહ મિલન અને સન્માન સમારોહ
સ્વ. શેઠ શ્રી જીવણભાઈ માધાભાઈ ચૌધરી આદ્ય સ્થાપક
માતૃશ્રી જોઈતીબા વેલજીભાઈ ચૌધરી મહિલા કોલેજ સંકુલ
તારીખ ૪-૧-૨૦૨૦ શનિવાર
શુભ સ્થળ: માતૃશ્રી જોઈતીબા મહિલા કોલેજ કેમ્પસ, એસ.ટી.ડેપો સામે, સેકટર-૭, ગાંધીનગર. ફોન નંબર - ૦૭૯ ૨૩૨ ૨૧૩૦૭
સમય સવારે ૯.૩૦ કલાકે
ગુજરાતની સમગ્ર આંજણા-ચૌધરી સમાજની સામાજિક અને શૈક્ષણિક હિત ધરાવતી સંસ્થા શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ ગાંધીનગર દ્વારા આ સંસ્થાના દાતાશ્રીઓ, પૂર્વ તેમજ વર્તમાન પદાધિકારીઓ તેમજ વિશિષ્ટ વ્યક્તિઓના સન્માન સમારોહ પ્રસંગે ઉપસ્થિત રહેવા આપને ભાવભર્યું નિમંત્રણ છે. આપની ઉપસ્થિતિ અમારા માટે પ્રેરક અને પ્રોત્સાહક બની રહેશે.
આશીર્વચન: પરમપૂજ્ય સ્વામીશ્રી સચ્ચિદાનંદજી (દંતાલી આશ્રમ)
સમારોહના અધ્યક્ષશ્રી: માન. શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય
દીપ પ્રાગટ્ય: ગં.સ્વ. હેમલતાબેન જે. ચૌધરી તથા પરિવાર (શ્રી જે. એમ. ચૌધરી સાર્વ વિદ્યાસંકુલના મુખ્ય દાતા); માતૃશ્રી જોઈતીબા વી. ચૌધરી નો પરિવાર (માતૃશ્રી જોઈતીબા મહિલા કોલેજ કેમ્પસના મુખ્ય દાતા)
વિશિષ્ટ ઉપસ્થિત દાતાશ્રીઓ:
ગં.સ્વ. ડાહીબેન ડી. ચૌધરી – શ્રી આર.એસ.ચૌધરી કન્યા છાત્રાલય
શ્રી પોપટભાઈ કે. ચૌધરી – પી.કે. ચૌધરી મહિલા વિનયન કોલેજ
શ્રી દલસંગભાઈ એચ. ચૌધરી – શ્રી ડી.ડી.ચૌધરી ટેકનીકલ ઈન્સ્ટીટ્યુટ (M.C.A)
શ્રી જેસંગભાઈ વી. ચૌધરી – શ્રી એસ.વી. ચૌધરી એમ.એડ. કોલેજ
શ્રી મુળજીભાઈ એમ. ચૌધરી – શ્રીમતી એસ. એમ. ચૌધરી ટેકનીકલ ઈન્સ્ટીટ્યુટ (M.B.A)
શ્રી નરસિંહભાઈ કે. દેસાઈ – શ્રી જે.વી. દેસાઈ અને એન.કે. દેસાઈ મહિલા વિનયન છાત્રાલય
શ્રી રમેશભાઈ એમ. ચૌધરી – માતૃશ્રી સંતોકબેન એમ. ચૌધરી મહિલા અધ્યાપન કોલેજ
શ્રી ડૉ. રામસિંહભાઈ પી. ચૌધરી – શ્રીમતી વી.પી. ચૌધરી મહિલા વિશિષ્ટ છાત્રાલય
શ્રી રમેશભાઈ પી. ચૌધરી – શ્રી પી.એમ. ચૌધરી કોલેજ ઓફ એજ્યુકેશન (B.Ed)
શ્રી મણિભાઈ કે ચૌધરી – શ્રીમતી જ્યોતીબેન એમ. ચૌધરી કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લી. (B.C.A)
શ્રી પી.એન. ચૌધરી – શ્રી પી.એન.ચૌધરી મહિલા ટેકનીકલ છાત્રાલય
શ્રીમતી ગીતાબેન વી. ચૌધરી – કંકુબા ચેરીટેબલ ટ્રસ્ટ મહેસાણા.
શ્રીમતી આશાબેન એમ ઠાકોર (ચેરમેન) શ્રી મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.હસ્તે સ્વ. મોતીભાઈ આર. ચૌધરી (પૂર્વ ચેરમેન)
વિશેષ ઉપસ્થિતિ:
શ્રી ઘેમરભાઈ એમ. ચૌધરી (સંસ્થાના પરિવ્રાજકશ્રી)
શ્રી જીતુભાઈ એમ. ચૌધરી (પૂર્વ ઉપ પ્રમુખ શ્રી અ.આં.કે. મંડળ)
શ્રી ગોવિંદભાઈ કે. ચૌધરી (પૂર્વ ઉપપ્રમુખ શ્રી અ.આં.કે. મંડળ)
શ્રી ગુલાબભાઈ ડી. પટેલ (પૂર્વ ઉપપ્રમુખ શ્રી અ.આં.કે. મંડળ)
શ્રી મણીભાઈ પી. ચૌધરી (પૂર્વ મહામંત્રીશ્રી અ.આં.કે. મંડળ)
-: નિમંત્રક :-
પ્રમુખશ્રી: શ્રી હરિભાઈ વી. ચૌધરી
ખજાનચી: શ્રી મણિભાઈ એમ.ચૌધરી
ઉપપ્રમુખ: શ્રી સેધાભાઈ આર. ચૌધરી, શ્રી જેસંગભાઈ વી. ચૌધરી, શ્રી પથુભાઈ વી. ચૌધરી, શ્રી મહેન્દ્રભાઈ કે. ચૌધરી, શ્રી શંકરભાઈ એમ. ચૌધરી, શ્રી વિરજીભાઈ ડી. જુડાલ, શ્રી રણછોડભાઈ એચ. ચૌધરી
મહામંત્રી: શ્રી માધુભાઈ કે. ચૌધરી
ઓડીટર: શ્રી બાબુભાઈ જી. ચૌધરી, શ્રી ભીમજીભાઈ એમ.ચૌધરી
મંત્રી: શ્રી લાલજીભાઈ ડી. ચૌધરી, શ્રી ડાહ્યાભાઈ જી. ચૌધરી
કેમ્પસ ડાયરેક્ટર: શ્રી યશવંતભાઈ ડી. ચૌધરી